જાહેરનામાનો ભંગ કરનાર હોટલ માલિક સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી સી.સી. ટીવી. કેમેરા ન લગાવનાર અડાલજ ઉવારસદ પર આવેલા મહાલક્ષ્મી ઢાબાના માલિક વિરૂદ્ધ એસ.ઓ.જી.ની ટીમે કાર્યવાહી કરી અડાલજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક ઉવારસદ અડાલજ માર્ગ પર કર્ણાવતી ડેન્ટલ કોલેજ નજીક મહાલક્ષ્મી ઢાબા નામની હોટલ આવેલી છે. જ્યાં સંચાલક દ્વારા સી.સી. ટીવી કેમેરા ન લગાવી જાહેરનામા ભંગની બાતમી એસ.ઓ.જી.ના પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટને મળતા તેમની સૂચનાથી ટીમે હોટલ પર તપાસ હાથ ધરી હતી. જેમાં કલેક્ટરના જાહેરનામાનો ભંગ થતો હોવાનું જણાતા ટીમે મહાલક્ષ્મી ઢાબાના સંચાલક પ્રભુભાઈ લસારામ રાયકા વિરૂદ્ધ અડાલજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે અડાલજ પોલીસ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બાબા સાહેબના નિર્વાણ દિન નિમિત્તે શહેરની સંસ્થાઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી

ગાંધીનગર, તા. ૬

ભાત દેશના બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના પ૭માં નિર્વાણ દિવસ નિમિત્તે આજે દેશભરમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યું હતું ત્યારે આજે ગાંધીનગરની અનેક સંસ્થાઓએ બાબા સાહેબને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ગાંધીનગર ખાતે વિધાનસભા સંકુલની સામે આવેલી ડૉ. બાબા સાહેબની પ્રતિમાને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર દલિત સેના તેમજ ડૉ. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યું હતું. શહેરની વિવિધ સંસ્થાઓ અને સરકારી આગેવાનોએ સવારે ૯-૦૦ કલાકથી બાબા સાહેબની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શહેર કોંગ્રેસના કાર્યકરો, દલિત સેનાના કાર્યકરો તેમજ આંબેડકર જન્મજયંતિ સમિતિના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ સિધ્ધાર્થ લો કોલેજ ખાતે આચાર્ય, શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ફુલહાર કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૬

સ્વામી વિવેકાનંદ ડિસ્ટ્રીકટ યોગવિલનેસ સેન્ટર પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૫ દ્વારા તા. ૯ ડિસેમ્બર સવારે ૭.૩૦ થી ૮.૩૦ સે. ૫ બગીચામાં નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ આસન લઈ સ્થળ પર હાજર રહેવા જણાવ્યું છે.

અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત એસ.એ. જોષીપુરા નિવૃત્ત નાયબ સચિવ કલ્પસર વિભાગના પિતાજી અને કુ. શ્વેતા જોષીપુરા એકાઉન્ટ ઓફિસર કલોલ નગરપાલિકાના દાદાજી અજીતભાઈ જોષીપુરા (ઉ.વ.૮૮)નું અવસાન તા. ૫ ડિસેમ્બરના રોજ થયું છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા. ૭ ડિસેમ્બર સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન તેમના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૦૦૫/૨ સે-૭-સી ખાતે રાખેલ છે.

સે-૨માં ધોળે દિવસે મહિલાના ગળામાંથી મંગળસૂત્ર ખેંચાયું

પલ્સર બાઈક પર આવેલા બે ચેન સ્નેચરો ચાલતી જતી મહિલાના ગળામાંથી ૩ તોલાનું મંગળસૂત્ર ખેંચી પલાયન થઈ ગયા : એક દિવસમાં સે-૨માં બે ગુન્હા : પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨માં સ્વામિનારાયણ મંદિર નજીક ભરબપોરે પલ્સર બાઈક પર આવેલ બે ચેન સ્નેચરોએ ચાલતી જતી મહિલાને શિકાર બનાવી હતી અને તેના ગળામાંથી ૩ તોલા સોનાનું મંગળસૂત્ર ખેંચી પળવારમાં જ પલાયન થઈ ગયા હતા. આ ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી. એક જ દિવસમાં સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર પાસે ચોરીનો પ્રયાસ અને ચેન સ્નેચીંગની ઘટના બનતા પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના સેકટર-૭ પોલીસ મથકની હદમાં છેલ્લા ઘણા સમયથી ગુન્હાઓનો ગ્રાફ વધવા લાગ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં શહેરના પોશ વિસ્તારમાં બે ઘરફોડ ચોરીના પ્રયાસો થયા છે. જયાર આજે સવારે ધોળા દિવસે મહિલાના ગળામાંથી મંગળસૂત્ર ખેંચાવાનો બનાવ બન્યો હતો.

શહેરના સેકટર-૨માં રહેતા આશરે ૫૦ વર્ષીય કલાવતીબેન ભાનુપ્રસાદ પટેલ પોતાના ઘરેથી સંબંધીને ત્યાં લગ્નપ્રસંગે ચાલતા જઈ રહ્યા હતા. દરમિયાન સે-૨ સ્વામિનારાયણ મંદિરના આગળના માર્ગે પહોંચતા પાછળથી પલ્સર બાઈક લઈ બે બાઈક સવારો આવ્યા હતા અને મહિલાના ગળામાંથી ૩ તોલા સોનાનું મંગળસૂત્ર (કિં. રૂ. ૫૦ હજાર) ખેંચી પુરપાટ ઝડપે બાઈક લઈ પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે મહિલાએ પોલીસને જાણ કરતા સેકટર-૭ પોલીસ ઘટના સ્થળે આવી હતી પરંતુ કંઈ હાથ ન લાગ્યુ હતું. આ સંદર્ભે સેકટર-૭ પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી ચેન સ્નેચરોની શોધખોળ હાથ ધરી છે.

નેશનલ ઈન્સ્યુરન્સ કંપની ગાંધીનગર કાર્યાલય ખાતે ૧૦૮મી વર્ષગાંઠ આજ રોજ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. ગાંધીનગર કાર્યાલય ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ડીવીઝન મેનેજર ચેટરજી તેમજ અધિકારી ગણ, એજન્ટ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ મિઠાઈ વહેંચવામાં આવી હતી.

સમગ્ર વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ ફેબ્રુઆરીમાં યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ગાંધીનગરના ઉપક્રમે સમગ્ર વણકર સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ તા. ૯ ફેબ્રુઆરી રવિવાર ટાઉનહોલ સામે સે-૧૭ ખાતે યોજવામાં આવશે.

બસો બ્યાસી વણકર સમાજના ઉપક્રમે ગાંધીનગર ખાતે પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવનાર છે. જેમાં લગ્નોત્સુક યુવક યુવતિઓએ તા. ૧૫ જાન્યુઆરી સુધી નિયત ફી સાથે નામ નોંધાવવા જણાવાયું છે.

લોકશાહી લોકમંડળનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની સંસ્થા લોકશાહી લોકમંડળ દ્વારા ૬ઠ્ઠી ડિસેમ્બરે સ્નેહમિલન કાર્યક્રમ આયોજિત કરાયો હતો. આ કાર્યક્રમમાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ દિપ પ્રાગટય કરીને શરૂઆત કરાઈ હતી. આ કાર્યક્રમમાં ૭૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા વરિષ્ઠ નાગરિકોને સન્માનવામાં આવ્યા હતા તેમજ દલિત શહીદ વીર મેઘમાયા (વીરમાયા) અને સંત શિરોમણી રોહિતદાસની પ્રતિમાઓ ગાંધીનગરના મુકિતધામ ખાતે મુકવા બદલ મુખ્યમંત્રી સહિત સંબંધિત મંત્રીઓનો આભાર માનવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સી.યુ. શાહ આર્ટસ કોલેજ ફોર ગર્લ્સના પ્રાધ્યાપક અને ૨૦ જેટલા પ્રકાશનો ધરાવતા યશવંત વાઘેલાએ હાજરી આપી હતી.

ચિલોડાથી પ્રાંતિજ વચ્ચેના હાઈવેની મરામત કામગીરીમાં ઉતારાતી વેઠ

માર્ગ નવો બનાવવો પડે તેવી સ્થિતિ છતાં ગાબડાં પૂરી સંતોષ માનતું તંત્ર : ચાલકોમાં આકોશ

ગાંધીનગર, તા.૬

ચિલોડાથી શરૂ થતો ચાર માર્ગીય નેશનલ હાઈવે દૈનિક લાખ્ખોની સંખ્યામાં વાહનોની અવરજવરથી ભરપુર રહે છે. આ માર્ગ ઉપર ઠેર ઠેર ખાડા પડી જઈ તુટી ગયેલ છે. છતાં તંત્ર દ્વારા તાજેતરમાં ફકત ખાડા પૂરી માર્ગની મરામત કરાઈ છે. જે કામગીરી પણ એકદમ નિમ્ન કક્ષાની થઈ રહી હોવાનું જણાઈ રહ્યું છે. જેથી વાહનચાલકોમાં તંત્રની કાર્યપધ્ધતિ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે.

નેશનલ હાઈવે નામ ફકતથી લોકો આ માર્ગ ઉપર પસાર થવાનુંપસંદ કરે છે. પરંતુ ચિલોડાથી પ્રાંતિજ વચ્ચેનો નેશનલ હાઈવે હાડપિંજર જેવો બની ગઈ વાહનચાલકો માટે શિરદર્દ બની ગયો છે. જે અંગેના આહેવાલ અખબારો થકી વારંવાર રજુ કરી તંત્રનું ધ્યાન દોરવાના પ્રયાસો થઈ ચુકયા છે. આ માર્ગ એટલી હદે તુટી ગયા છે કે ચાર માર્ગીય માર્ગ હાલ દ્વિમાર્ગીય જ બની રહ્યો છે. માર્ગ પરના ખાડા અને તુટ ફુટ થકી અનેક વાહનચાલકોના વાહનો માર્ગ ઉપર જ ખોટકાઈ રહ્યા છે. તો રાત્રિના સમયે પરિવાર સહિત નીકળેલ ચાલકો અધવચ્ચે અટવાઈ પડી ભારે દહેશતનો ભોગ બની રહ્યા છે.

તંત્ર દ્વારા તાજેતરમાં જ આ માર્ગ ઉપર ગાબડાં પૂરવાની કામગીરી શરુ કરી છે. પરંતુ સંપૂર્ણ માર્ગ નવો બનાવવાની આશ્યકતા હોવા છતાં તંત્ર કોઈ પણ જાતની ઊંડી તપાસ કર્યા વગર ફકત થાગડ થીગડ અને ગાબડાં પૂરી સંતોષ માની રહ્યું છે. વર્ષે દહાડે અબજો રૂપિયાનો તગડો રોડ ટેક્ષ અને ટોલ ટેક્ષ ઉઘરાવી ચાલકોને પૂર્ણ સુવિધા તંત્ર આપી શકતું નથી જેથી વાહનચાલકોમાં તંત્રની નિતી બાબતે રોષ ફાટી નીકળ્યો છે.

ચિલોડાથી રાજસ્થાન, દિલ્હી તેમજ આજ સ્થળેથી અમદાવાદ, મુંબઈ તથા અન્ય રાજયો તરફ જવા આ નેશનલ હાઈવેનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા આ માર્ગને સંપૂર્ણ રીતે પેવર કરવામાં આવે તેવી જલદ માંગ ઉઠી છે તેમજ હાલમાં ચાલતી કામગીરીની પણ સમીક્ષા થાય તે પણ જરૂરી છે.

સે-૧૧ના કોમર્શિયલ કોમ્પ્લેક્ષોમાં ગંદકીનો માહોલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના મહત્વના કોમર્શિયલ વિસ્તાર સે-૧૧માં હોટલ હવેલી પાસે મોટા મોટા અનેક બીઝનેશ કોમ્પ્લેક્ષ આવેલા છે. આ કોમ્પ્લેક્ષોમાં મુખ્યત્વે સુમનટાવર, સુમનસીટી, મેઘમલ્હાર, અભિષેક, વિજય શોપીંગ સેન્ટર, શાલીન કોમ્પ્લેક્ષ વગેરેનો સમાવેશ થાય છે. આ બિલ્ડીંગોમાં વિવિધ કંપનીઓની ઓફીસો આવેલી છે. જેમાં વિમા કંપનીઓ, શેરબજાર, ગેસ કંપની, પ્રોપર્ટી બ્રોકર્સ, બિલ્ડર્સ, પાસપોર્ટ વિઝા, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, મોબાઈલ કંપનીની ઓફિસો, બેંકો અને ઘણા બધા કલાસીસ આવેલા છે. કેટલાક ઈલેકટ્રોનીકસના શો-રૂમ, ફોટો સ્ટુડીયો અને સિનેમા ગૃહ પણ આવેલા છે. ગાંધીનગરની કેટલીક સંસ્થાઓની પણ ઓફીસો આ કોમ્પ્લેક્ષોમાં આવેલી છે. આ કારણથી આ વિસ્તારમાં નાગરિકની ખૂબ અવરજવર રહે છે. પરંતુ આ વિશાળ કોમ્પ્લેક્ષોમાં સફાઈ ખાસ કરીને ટોયલેટસ જેવી બેઝીક સગવડના નામે મીંડુ છે. મોટા ભાગના કોમ્પ્લેક્ષમાં પબ્લિક ટોયલેટની હાલત અતિશય ખરાબ છે અને તેમાં પાણીના નળની કોઈ સગવડ નથી અથવા તુટેલી પાઈપો છે. પારાવાર ગંદકીથી ખદબદતા બાથરૂમોમાં પાનમસાલાની પિચકારીઓ ને મળમૂત્રની વાસના કારણે અંદર પ્રવેશવું જ કઠીન બની જાય છે. કેટલાક કોમ્પ્લેક્ષોના અમુક ફલોર પર તો પબ્લિક ટોયલેટને તાળા મારી વગદાર ઓફિસોએ કબ્જો જમાવી રાખ્યો છે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

જિલ્લામાં ઝીંદગી હેલ્પ લાઈન તથા મહિલા સુરક્ષા હેલ્પલાઈનની પ્રસંશનીય કામગીરી

ગાંધીનગર, તા. ૬

જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ઝીંદગી હેલ્પલાઈન તથા મહિલા સુરક્ષા હેલ્પ લાઈન છ માસથી શરૂ કરવામાં આવી છે. જેમાં યોગ્ય કાઉન્સીલીંગ અને સમય સૂચકતાથી ૨૩ કિસ્સાઓમાં આત્મહત્યા કરતા રોકવામાં તેમજ ૧૬૨ કૌટુંબીક ઝઘડાઓ નિવારવામાં પણ પોલીસને સફળતા મળી છે. જે પ્રસંશનીય કામગીરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષાસેતુ પ્રોજેક્ટ અંતર્ગત આત્મહત્યાના બનાવો રોકવા તથા મહિલાઓની સુરક્ષા માટે બે હેલ્પલાઈન જુન-૨૦૧૩ થી કાર્યરત કરવામાં આવી છે. જીંદગી હેલ્પલાઈનમાં છેલ્લા છ માસમાં ૬૩ મદદ માંગતા કોલ આવ્યા હતા. જે પૈકી ૨૩ કોલ એવી વ્યક્તિઓના હતા જેમણે આત્મહત્યા કરવા માટે મન બનાવી લીધેલ, આવા કોલને મહિલા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તથા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા સંયુક્ત રીતે અસરકારક કાઉન્સીલીંગ અને સમય સુચકતાથી તેઓની પાસે પહોંચી આત્મહત્યા કરતા રોકવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આ ઉપરાંત મહિલા સુરક્ષા માટેની ખાસ હેલ્પલાઈન એટલે કે ૧૦૯૧ ઉપર કુલ ૧૬૨ મદદ માંગતા કોલ્સ આવેલ. જેમાં મુખ્યત્વે જાતિય સતામણી, ઘરેલુ હીંસા તેમજ કૌટુંબીક પ્રશ્નોને લગતી સમસ્યાઓ બાબતે હતા. જેમાં પણ મહિલા પો.સ્ટે.ના અધિકારી તથા કર્મચારીઓ દ્વારા ખૂબજ સુંદર રીતે ફોન ઉપર તથા જરૂરી કિસ્સાઓમાં રૂબરૂ બોલાવી ફરિયાદનું નિરાકરણ કરવા માટે જરૂરી પગલા લેવામાં આવ્યા હતા.

પોલીસ વિભાગની આ કામગીરીને માત્ર મહિલાઓ જ નહી પરંતુ તેમના કુટુંબીજનો તથા સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ બિરદાવવામાં આવ્યા છે. ઘણા કિસ્સાઓમાં ખોટી સમજ કે આવેશમાં બનતા નાના બનાવોને લીધે કૌટુંબીક ઝઘડાનું સ્વરૂપ છૂટાછેડા કે કોર્ટ કચેરી સુધી લઈ જતુ હોય છે. આ પ્રકારની હેલ્પલાઈનના ઉપયોગને લીધે ઘણા બધા કિસ્સાઓમાં ઝીંદગી બચાવી શકાઈ અને કૌટુબિંક ઝઘડાઓ નિવારી પણ શકાયા છે.

વડગામ તાલુકાના મગરવાડા ગામે પૂર્વ આચાર્ય અને સાહિત્યકાર એવા ડૉ. કિશોરસિંહ સોલંકીના જીવન કવન પર દસ્તાવેજી ફિલ્મનું શુટીંગ ચાલી રહ્યું છે. આ ફિલ્મમાં ડૉ. સ્વપ્નીલ મહેતા દ્વારા સંવાદો લખવામાં આવ્યા છે. જેના શુટીંગમાં ગાંધીનગરના કલાકાર હસમુખ મેકવાન, નટવરસિંહ ચૌહાણ, કેમેરામેન, ધર્મેશ ગોટી અને દિગ્દર્શક ભરતભાઈ દેવમણી દેશ્યમાન થાય છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૫.૫૬

તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ હંગર ગેમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦
કલબ-૬૦ : ૧૨.૪૦
હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦

: સ્ક્રીન-૨ :
આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫

: સ્ક્રીન-૩ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦
રામલીલા : ૧.૪૦, ૭.૪૦
બુલેટ રાજા : ૪.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
રામલીલા : ૪.૦૦

મૂર્તા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિશ્રાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- આર્ટલવર્સ દ્વારા ફિરોજ મહેતા અને અપરા મહેતાનું અભિનીત નાટક 'આવ તારું કરી નાખું' રાત્રે ૯.૧૫ કલાકે.

શૈક્ષણિક

- ગાંધીમિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપક્રમે શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સેકટર-૮ ખાતે સવારે ૮.૩૦ કલાકે 'ગાંધી જીવન દર્શન' વિષય પર પરિસંવાદ.

આપની આજ

મેષ : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : અનુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

સિંહ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

ધન : અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ-કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : ધર્મ, માંગલિક કાર્યોના આયોજન થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન-સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ. દિલીપકુમાર શાંતિલાલ શાહ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૩૫૭/૨, સેકટર-૧૨/સી, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રકાન્તભાઈ જયંતિલાલ ભટ્ટ (ઉ.વ. ૯૨) સી-૩૦૩, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નારણભાઈ છગનદાસ પટેલ (ઉ.વ. ૮૧) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.